
ગાંધીનગર સમાચાર

# ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનવાની ઈચ્છા

મુંબઈ,તા. ૧૩

જાહેર મંચથી પ્રથમ વખત મુખ્યમંત્રી બનવા માટેની પોતાની ઈચ્છા વ્યક્ત કરતા શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ તેમને એક તક આપવા મતદારોને અપીલ કરી હતી અને કહ્યું હતું કે, તેમને તક મળવાની સ્થિતિમાં કોઈ નુકસાન થશે નહીં. ભાજપ સાથે હાલમાં શિવસેનાના સંબંધો ખરાબ છે ત્યારે આ પ્રકારનું નિવેદન ઉદ્ધવ ઠાકરે દ્વારા કરવામાં આવ્યું છે. વિધાનસભાની ચૂંટણી માટે બેઠકોની વહેંચણી મુદ્દે ભાજપ સાથે સંબંધમાં ગુંચવણ વચ્ચે ઉદ્ધવે આજે ખાતરી આપી હતી કે, મહારાષ્ટ્રમાં શિવસેનાના ફરી વર્ચસ્વના પ્રયાસ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ગઠબંધન સત્તા ઉપર આવશે તો પણ મહારાષ્ટ્રમાં શિવસેનાના અગાઉના ચહેરાને પુનઃ સજીવન કરવામાં આવશે. એ ખાનગી ટીવી ચેનલ દ્વારા આયોજિત વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે, રાજ્યના લોકો તેમને એક તક આપે તે જરૂરી છે. ફરિયાદ કરવાની તેઓ તક આપશે નહીં. શિવસેના પ્રમુખે કહ્યું હતું કે, તેઓ મુખ્યમંત્રી બનવાના સ્વપ્ન જોતા નથી પરંતુ જવાબદારી મળશે



તો પીછેહેઠ કરશે નહીં. તેઓ તેમના પર વિશ્વાસ ધરાવે છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનું કામ લોકોનું છે. મુખ્યમંત્રી તરીકે લોકો કોને ઈચ્છે છે તે અંગેનો નિર્ણય રાજ્યના લોકો કરશે. કોઈપણ હોદ્દો મળી ગયા બાદ આનો દુરુપયોગ કરવામાં આવશે નહીં. ચહેરો શિવસેનાનો રહેશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ચહેરો માત્ર શિવસેનાનો જ હશે. તેમની લીડરશીપની ગુણવત્તાને લઈને હમેશા પ્રશ્નો કરવામાં આવી રહ્યા છે પરંતુ તેઓ બાલાસાહેબ ઠાકરેના પુત્ર છે. કોઈ જવાબદારીથી પીછેહઠ કરશે નહીં. ભાજપ સાથે બેઠકોની વહેંચણીના મુદ્દે વિલંબ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, કોઈ તકલીફ નથી પરંતુ કેટલીક ગુંચ છે તેને દૂર કરવામાં આવશે. દરેક પાર્ટી પોતાના નેટવર્કને ફેલાવવા માંગે છે. ગ્રાઉન્ડ વાસ્તવિકતાના આધાર પર નિર્ણય થવા જોઈએ. અમારા ૨૫ વર્ષ જુના સંબંધ છે પરંતુ લોકો તેમની હદમાં રહે તો વધુ સારું છે. લોકસભાની ચૂંટણીમાં લોકોએ મોદી માટે મત આપ્યા હતા. મહારાષ્ટ્રમાં જીતમાં શિવસેનાની અવગણના કરી શકાય નહીં. તમિળનાડુ, પંજાબ, ઓરિસ્સા અને બંગાળમાં ગઠબંધનના સાથી પક્ષોએ ભૂમિકા ભજવી હતી. મોદી અમારા ગઠબંધનના વડાપ્રધાન છે. વિદર્ભ રાજ્યના મુદ્દે તેમણે કહ્યું હતું કે, લોકો વિકાસ ઈચ્છે છે. અલગ રાજ્યને લઈને કોઈ વાંધો નથી. જો તેઓ સત્તા પર આવશે તો કેટલાક નવા પગલા લેશે.

## મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો બેઠકોની વહેંચણીને લઇને તંગ

મુંબઈ ,તા. ૧૩

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો બેઠકોની વહેંચણીને લઈને તંગ બની ગયા છે. ખેંચતાણની સ્થિતિ વચ્ચે શિવસેનાએ આજે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, વધારે પડતી લાલચ સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે. ગઠબંધનને નુકસાન પહોંચાડી શકે છે. તાજેતરના કોર્ટ ચુકાદાનો ઉલ્લેખ કરીને શિવસેનાએ કહ્યું હતું કે, વધારે પડતા લાલચ અને કોઈપણ પ્રકારના સંબંધો નુકસાન કારક છે. મહા ગઠબંધનના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે સંબંધોમાં તિરાડ પડે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. શિવસેનાના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે, ગઠબંધનમાં તમામ સાથી પક્ષો જીતનું સ્વપ્ન જુએ છે. તમામ પાર્ટીઓએ વધુ બેઠકો મેળવવાની ઈચ્છા રાખે છે. વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત થઈ ચુકી છે ત્યારે ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો તંગ બની ગયા છે. ૧૫મી ઓક્ટોબરના દિવસે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભાજપ દ્વારા આ વખતે વધુ બેઠકોની માંગ કરવામાં આવી છે તેવા અહેવાલ વચ્ચે શિવસેનાએ આ પ્રતિક્રિયા આપી છે. સેનાએ કહ્યું છે કે, અમે સત્તા પરિવર્તનના પ્રયાસમાં છે. જો કોઈને ઓછી બેઠક મળે છે અને જીતે છે તો પણ ફાયદો મળી શકે છે. સરકારમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવશે પરંતુ પહેલી પ્રાથમિકતા સત્તા ઉપર આવવાની છે. લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં ૪૮ પૈકીની ૨૩ બેઠકો જીતી લીધા બાદ ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં પણ વધુ બેઠકોની માંગ કરી છે. શિવસેનાએ ૧૮ લોકસભા બેઠક જીતી હતી જ્યારે વર્ષ ૧૯૯૯થી મહારાષ્ટ્રમાં શાસન દરમિયાન કોંગ્રેસ-એનસીપી ગઠબંધનને માત્ર છ બેઠકો મળી હતી. ગઠબંધનના સાથીઓએ જીતના સ્વપ્ન જોવા જોઈએ. આના માટે તમામ પાર્ટીઓએ વધારે બેઠકોની ઈચ્છા છોડી દેવી જોઈએ. મહારાષ્ટ્રમાં ૨૮૧ વિધાનસભાની બેઠકો છે. બેઠકોની વહેંચણીને લઈને ભાજપ, શિવસેના અને અન્યો વચ્ચે ખેંચતાણની સ્થિતિ છે. તંત્રી લેખમાં ભાજપ પર શિવસેનાએ પરોક્ષ પ્રહાર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બેઠકોની વહેંચણીને લઈને હરિયાણામાં ભાજપના હરિયાણા જનહિત કોંગ્રેસ સાથેના સંબંધ તુટી ચુક્યા છે. બીજી બાજુ ભાજપ લોકસભા ચૂંટણીમાં જીત બાદ વધુ બેઠક ઈચ્છે છે.

## આઇએસમાં તમિળનાડુનો પ્રથમ આત્મઘાતી બોમ્બર

નવી દિલ્હી,તા. ૧૩

ભારતીય સુરક્ષા સંસ્થાઓ હાલમાં ભારતીય આત્મઘાતી બોમ્બર સિરિયા-ઈરાક થિયેટરમાં કરવામાં સામેલ હતો કે કેમ તેવા અહેવાલમાં ચકાસણી કરી છે. પરંતુ બિનસત્તાવાર અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈસ્લામિક સ્ટેટ તરફથી કરવામાં આવેલા હુમલામાં બોમ્બર તરીકે ભારતીય હતો. થિયેટરમાં આઈએસ તરફથી ચેન્નાઈ મૂળના બોમ્બરે હુમલો કર્યો હતો. જો ભારતીય બોમ્બરની સંડોવણી સાબિત થશે તો ત્રાસવાદના ઈતિહાસમાં મોટો ઘટનાક્રમ રહેશે. ભારતની પ્રતિષ્ઠાને પણ આના કારણે મોટો ફટકો પડશે. કારણ કે વિશ્વમાં કોઈ પણ જગ્યાએ આત્મઘાતી હુમલામાં પ્રથમ ભારતીયની સંડોવણી સાબિત થશે. આ અહેવાલ ભારત માટે ચિંતાજનક છે. કારણ કે ભારતીય પેટાખંડમાં તેમની પ્રવતિ શરૂ કરવા થોડાક દિવસ પહેલા ત્રાસવાદી સંગઠન અલ કાયદાએ જાહેરાત કરી હતી. અલકાયદાના લીડર અયમાન અલ જવાહિરીએ વિડિયો ટેપ જારી કરીને ભારતીય શાખા ખોલવાની જાહેરાત કરી હતી.

અલ કાયદા અને આઈએસના ત્રાસવાદી હાલમાં ભારત અને અન્ય દેશોમાં તેમના નેટવર્કને ફેલાવવાના પ્રયાસ કરી રહ્યા છે. જેથી આગામી દિવસોમાં ભારતીય સુરક્ષા સંસ્થા માટે તકલીફ વધી શકે છે.

# ઉત્તરાખંડમાં બસ ઉંડી ખીણમાં ખાબકી જતાં ૧૬ લોકોના મોત

દેહરાદૂન,તા. ૧૩

ઉત્તરાખંડના તહેરી જિલ્લામાં એક યાત્રી બસ ઉંડી ખીણમાં ખાબકી જતા તેમાં મુસાફરી કરેલા ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા છે અને અન્ય ૧૭ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ બસમાં કુલ ૩૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા. તહેરીના પોલીસ અધિકારી મુખ્તાર મોહસીને કહ્યું છે જુયાલગઢ નજીક ૩૦૦ ફૂટ ઉંડી ખીણણાં આ બસ ખાબકી ગઈ હતી. બસમાં મુસાફરી કરી રહેલા અડધી વધુ લોકો પાણીના પ્રવાહમાં ડુબી ગયા હતા. આ પાણીના પ્રવાહમાં અલખનંદા નદી સામેલ થાય છે. બસ હરિદ્વારથી કરણપ્રાયણ તરફ જઈ રહી હતી. માર્યા ગયેલા તમામ લોકો શ્રદ્ધાળુઓ હોવાનું જાણવા મળ્યું છે. અન્ય વાહનને ઓવરટેક કરવાના પ્રયાસમાં ડ્રાયવરે કાબૂ ગુમાવતા બનાવ બન્યો હતો. ૧૬ના મૃતદેહ મળી આવ્યા છે. અન્ય ૧૭ લોકોને બચાવી લેવામાં સફળતા મળી હતી. ફોન ઉપર મોહસીને માહિતી આપતા કહ્યું હતું કે, તહેરી દહેરાદૂનથી ૧૨૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. તમામ ઈજાગ્રસ્તોને શ્રીનગર બેઝ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાંથી બે લોકોને પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. બાકીના લોકોને સારવાર આપવામાં આવી રહી છે. અકસ્માત અંગે આઘાત વ્યક્ત કરતા મુખ્યમંત્રી હરીશ રાવતે માર્યા ગયેલાઓના નજીકના સંબંધીઓને એક-એક લાખ રૂપિયા વળતર રુપે આપવાની જાહેરાત કરી હતી. જ્યારે ઘાયલ થયેલાઓ માટે ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. હરિદ્વારથી કરણપ્રયાણ જઈ રહેલા શ્રદ્ધાળુઓ ક્યાના હતા તે અંગે માહિતી મળી નથી. સમગ્ર મામલામાં વધુ તપાસ હાથ ધરાઈ છે. મૃતકોની ઓળખવિધિના પ્રયાસો પણ હાથ ધરાયા હતા.

## આરજેડીના નેતા લાલૂને હોસ્પિટલથી મળેલ રજા

મુંબઈ,તા. ૧૩

આરજેડી પ્રમુખ લાલૂ પ્રસાદ યાદવને આજે એશિયન હાર્ટ ઈન્સ્ટિટ્યુટમાંથી રજા આપી દેવામાં આવી હતી. લાલૂ યાદવે હાલમાં ટ્રિપલ કાર્ડિયેક સર્જરી કરાવી હતી. સફળ સર્જરી અને ત્યારબાદના અન્ય ટેસ્ટ ઉપર નજર રાખવામાં આવ્યા બાદ આજે લાલૂ યાદવે રજા આપવામાં આવી હતી. ૬૬ વર્ષીય નેતાનું ૨૭મી ઓગસ્ટના દિવસે ઓપરેશન કરવામાં આવ્યું હતું જે છ કલાક સુધી ચાલ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ત્રણ



સર્જરી કરવામાં આવી હતી. એશિયન હાર્ટ ઈન્સ્ટિટ્યુટમાં સારવાર દરમિયાન લાલૂને મળવા માટે કેન્દ્રિય પ્રધાનો પણ પહોંચ્યા હતા. આ ઉપરાંત બિહારના મુખ્યમંત્રી પણ પહોંચ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈની જાણીતી હોસ્પિટલમાં તેમના હાર્ટમાં ૩ એમએમ હોલમાં રિપેર કામગીરી તબીબોએ હાથ ધરી હતી. આ સર્જરી આશરે છ કલાક સુધી ચાલી હતી. લાલૂ યાદવે ઈવીઆર ઓરટિક વોલ્વ રિપ્લેસ્મેન્ટ, ઓરટિક રિપેર અને હાર્ટમાં ત્રણ મીમી હોલની સર્જરી કરાવી હતી. પાંચ વર્ષ અગાઉ પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર ઓપરેશન કરનાર ઈન્સ્ટિટ્યુટના વડા ડો. રમાકાંત પાંડાએ કહ્યું હતું કે, ૬૬ વર્ષીય નેતાના જુદા જુદા મેડિકલ ટેસ્ટ અને મૂલ્યાંકન બાદ સર્જરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. લાલૂ યાદવને રજા આપવામાં આવ્યાબાદ હવે થોડાક દિવસ આરામ કર્યા બાદ ફરીવાર સક્રિય બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તેમને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ આરજેડીના કાર્યકરો અને સમર્થકોમાં રાહતનું મોજુ ફરી વળ્યું હતું. લાલૂના પરિવારના સભ્યો પણ તેમની સાથે હતા.

**૧૪૨૦૦૦ લોકોને હજુ સુધી બચાવી લેવાયા**

## જમ્મુ કાશ્મીર પુર : સેનાના વિમાન પર હવે પથ્થરમારો

શ્રીનગર,તા. ૧૩

કાશ્મીર ખીણણાં પુર પીડિતોને રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે સેનાના પ્રયાસો વચ્ચે આજે તેમના વિમાનો અને નૌકાઓ ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. કેટલાક લોકો નારાજ દેખાઈ રહ્યા છે. પુરથીગ્રસ્ત શ્રીનગર શહેરમાં બચાવ અને રાહત કામગીરીમાં સામેલ ભારતીય હવાઈ દળના ૮૦ વિમાનો પૈકીના કેટલાકને નજીવું નુકસાન થયું છે. કારણ કે આ વિમાનોને પથ્થરમારો કરી રહેલા લોકોએ ટાર્ગેટ બનાવ્યા હતા. જો કે, સેનાએ કહ્યું છે કે, રાહત સામગ્રી તમામ લોકો સુધી પહોંચાડવામાં આવશે. વર્લ્ડ હવાઈ દળના રોટરીવિંગ વિમાનને શહેરમાં બચાવ કામગીરી દરમિયાન ઉંડાણ ભરતી વેળા પથ્થરમારાના કારણે નુકસાન થયું હતું. હવાઈદળના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, એવી પણ ઘટના બની છે જ્યારે નિચાણમાં ઉડાણ ભરી રહેલા વિમાન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. હકીકતમાં એક હેલિકોપ્ટરને કેટલાક પથ્થરોના કારણે ઈજા થઈ હતી. બચાવ અને રાહત કામગીરી હજુ પણ સુરક્ષિતરીતે ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં પુરની સ્થિતિ ગંભીર બની હતી. પુરગ્રસ્ત જમ્મુ કાશ્મીરમાં ૧૪૨૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સેના દ્વારા હાથ ધરવામાં આવેલું ઓપરેશન આજે ૧૨માં દિવસે જારી રહ્યું હતું. સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, સશસ્ત્ર દળો અને એનડીઆરએફના જવાનો બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત છે. ૧૩ ટન પાણીને શુદ્ધ બનાવતી



દવા અને છ વોટર ફિલ્ટર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. આ ઉપરાંત જુદા જુદા પંપ પણ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. પુરગ્રસ્ત વિસ્તારમાં ૩૦ પાંચકેવીકે ક્ષમતાના જનરેટર પણ મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત આઠ હજારથી વધુ બ્લેન્કેટ અને ૧૧૧૯ પેન્ટ મોકલવામાં આવ્યા છે. સશસ્ત્ર દળોની ૮૦ મેડિકલ ટીમ સક્રિય થયેલી છે. ૧૦ ટન દવાઓ પણ મોકલવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતિ વણસ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન રાજનાથસિંહ પણ જમ્મુ કાશ્મીર પહોંચ્યા હતા અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ઓમર સરકાર પણ બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત બનેલી છે.

**ઝીરો ટોલરન્સની નીતિ પર મોદી મક્કમ**

## કામોની માહિતી ન આપવા બદલ મોદી મંત્રીથી નારાજ

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની સરકારના કેટલાક પ્રધાનોથી નાખુશ દેખાઈ રહ્યા છે. નારાજગીનું કારણ એ છે કે આ મંત્રીઓ દ્વારા સરકારના ૧૦૦ દિવસ પુરા થવાના પ્રસંગે પોત પોતાના મંત્રાલયો દ્વારા કામકાજની વિગત આપવામાં આવી નથી. એક ટીવી ચેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વડાપ્રધાનના નિર્દેશ છતાં સરકારના ૧૦૦ દિવસ પુરા થયા હોવા છતાં કેટલાક પ્રધાનોએ પત્રકાર પરિષદ યોજીને હજુ સુધી પોતાના મંત્રાલયો દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે માહિતી આપી નથી. જે પ્રધાનોથી નરેન્દ્ર મોદી નારાજ દેખાઈ રહ્યા છે તેમાં હર્ષવર્ધન, ધર્મેન્દ્ર પ્રધાન, સંતોષ ગંગવાર, હરસિમરત કૌર, મેનકા ગાંધી, રાધામોહનસિંહ, નજમા હેપ્તુલ્લા, રાવ ઈંદ્રજિતસિંહ, શ્રીપદ નાયક, ઉમા ભારતી, વીકેસિંહ, અનંત ગીતે અને અનંતકુમારનો સમાવેશ થાય છે. આ પ્રધાનોને આદેશ ન પાળવા બદલ વડાપ્રધાન દ્વારા ખુલાસો માંગવામાં આવ્યો છે. આ અગાઉ મોદીએ ગુરુવારના દિવસે કેબિનેટની બેઠકમાં પોતાના એક નજીકના મંત્રીને ફટકાર લગાવી હતી. મંત્રીએ પોતાના મંત્રાલયને કવર કરવા માટે કેટલાક પત્રકારોને ભેંટ આપી હતી. સુત્રોનું કહેવું છે કે, કેબિનેટ બેઠક દરમિયાન મોદીએ દરેકની હાજરીમાં ઠપકો આપ્યો હતો. આ પ્રકારની ભેંટ ન આપવા મોદીએ સુચના આપી હતી. આ મંત્રી મોદીની ખૂબ નજીક છે. પોલીસી અને બિઝનેસના મામલામાં પકડના કારણે મોદીને આ મંત્રી પર ખૂબ વિશ્વાસ છે. મોદી પોતાની ઝીરો ટોલરેન્સ પોલીસીથી પીછેહઠ કરવા ઈચ્છુક નથી. સૂત્રોનું કહેવું છે કે તમામની હાજરીમાં મોદીએ ઝાટકણી કાઢી હતી આવા મામલામાં નજીકના લોકોને પણ ચલાવી લેવામાં આવશે નહીં તેવો મોદીએ સંકેત આપ્યો હતો.

## ચીન ભારતમાં ૧૦૦ અબજ ડોલરનુ રોકાણ કરવા તૈયાર

મુંબઈ,તા. ૧૩

ચીની પ્રમુખ જીનપિંગ આગામી સપ્તાહમાં ભારતની ઐતિહાસિક યાત્રા પર આવી રહ્યા છે. તેમની યાત્રાને લઈને તમામ તૈયારી ચાલી રહી છે. ચીન આગામી પાંચ વર્ષમાં ૧૦૦ અબજ ડોલર અથવા તો છ લાખ કરોડનુ રોકાણ કરવા ઈચ્છુક છે. આ અંગેની જાહેરાત જીનપિંગની ભારત યાત્રા દરમિયાન કરવામાં આવે તેવી શક્યતા છે. જાપાની તેમની ઐતિહાસિક યાત્રા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૩૫ અબજ ડોલરના રોકાણની ખાતરી જાપાન દ્વારા આપવામાં આવી હતી. ચીનનુ રોકાણ આના કરતા ત્રણ ગણુ વધારે છે. જીનપિંગ ૧૭મી સપ્ટેમ્બરના દિવસે મોદીના વતન રાજ્ય ગુજરાતમાં ઉતરાણ કરશે. એ દિવસે મોદીના જન્મ દિવસની પણ ઉજવણી કરવામાં આવનાર છે. જીનપિંગ તજાકિસ્તાન, માલદીવ અને શ્રીલંકા બાદ જીનપિંગ ગુજરાત પહોંચી રહ્યા છે. મુંબઈમાં ચીનના કોન્સુલ જનરલે કહ્યું છે કે જીનપિંગની આગામી યાત્રા દરમિયાન અભૂતપૂર્વ રોકાણની જાહેરાત કરવામાં આવશે. જાપાન દ્વારા ૩૫ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરવામાં આવી હતી જેની સામે ચીન ૧૦૦ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરનાર છે. ચીન ભારત સાથે તમામ ક્ષેત્રોમાં ખુબ સારા સંબંધ ઈચ્છે છે. ભારત વિશ્વમાં હાલ રોકાણના ક્ષેત્રમાં આદર્શ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. વિશ્વના દેશો ભારતમા રોકાણ કરવા ઈચ્છુક બન્યા છે.

## સમાચાર ઝલક

- અલ્હાબાદ યુનિવર્સિટીમાં ઓળખકાર્ડ મુદ્દે વિદ્યાર્થીઓની પોલીસ વચ્ચે ઝપાઝપી.
- દિલ્હી યુનિવર્સિટીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે કબજે મેળવ્યો. બધી બેઠકો જીતી.
- કાશ્મીરમાં પાણી ઓસરતાં કાળમુખી સંકટો બહાર આવી રહ્યા છે. અનાજ તથા જીવન જરૂરિયાતની તંગી.
- ચૂંટણી ટાણે મણીનગરની બેસ્ટ સ્કૂલ ચાલુ રહેતાં વાલીઓની ધમાલ.
- ઢાઢર નદી હજી પણ ભયજનક સપાટીએ વહી રહી છે.
- વડોદરાના કોંગ્રેસના ઉમેદવાર સેલ્ફીના વિવાદમાં સપડાયા.
- આજે દેશભરમાં ‘હિન્દી દિવસ’ મનાવવામાં આવશે.
- ૯૬ વર્ષના મહંત અવૈદ્યનાથનું નિધન.
- કાનપુરમાં મોગલ સમયના ચલણી સિક્કા મળી આવ્યા.
- ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અજિતસિંહના બંગલાનું વીજ કનેકશન કપાયું.
- પાકિસ્તાની મલાલા પર હુમલો કરનારની ધરપકડ કરાઈ.
- બીજનોરમાં બોંબ બનાવતી વખતે જ વિસ્ફોટ થતાં અનેકને ઈજાઓ.
- ફિલ્મ અભિનેતા ઋત્વિક તથા બોલીવુડે કાશ્મીર માટે રાહતફાળો એકઠો કરવાનો શરૂ કર્યો.
- સાનિયા મિર્ઝા હવે એશિયાડમાં રમશે.
- મોરબીમાં પોલીસ સી.સી.ટીવી કેમેરાની ફિલ્મ ચકાસતાં જ આરોપી ફરાર થઈ ગયો.
- મહેસાણામાં બિલ્ડર પર જીવલેણ હુમલો થયો.
- ગુજરાતમાં સરેરાશ વરસાદમાં સામાન્ય ઘટ રહી છે.

**રઝળપાટ** (પાના નં. ૨ નું ચાલુ)

પુરુષ અને સ્ત્રી બંનેના જીવનમાં ચાલીસી કે ઉસપારનો ટોર્નેડો જુદી જુદી રીતે તબાહી મચાવી શકે છે. સ્ત્રીને આ જ ગાળામાં મેનોપોઝ નામના અણગમતા સમયનો સામનો કરવો પડે છે. મેનોપોઝનો કોઈ ચોક્કસ સમય નથી પણ એ પાચ કે સાત વર્ષનો એવો સમયગાળો છે જે ચાલીસીની ઉસપાર રાહ જોઈને બેઠો હોય છે. આમ તો એ એક પ્રકારની મનોશારીરિક અવસ્થા છે પણ મોટા થતા બાળકોની ચિતા કે દેખરેખની જવાબદારી જેવા અગત્યના સમયમાં આવતો કે ધધા કે નોકરીમાં ડૂબેલા રહેતા પતિ પાસે પોતા માટે અપૂરતો સમય છે એવી ઉભી થતી લાગણીવાળા આ ગાળામાં આવતા આ મેનોપોઝની માટે પૂર્વતૈયારી ના હોય તો એ ચાલીસીને ઝાંખી અને સ્ત્રીને દરેક રીતે ઝંઝાવાતી કરી શકે છે. પુરુષ ને ચાલીસી કે ઉસપાર એક નવી ગડમથલ પણ આવી શકે છે. છેલ્લા એક કે બે દાયકામાં કમાયેલું કે બચત કરેલું બધું જ સંતાનો પર કે સુખ-સગવડો માટે નવેસરથી ગોઠવવું કે ખર્ચ કરતું રહેવું પડવાનું હોય છે.

ને એનાથી ઉલટું પણ બની શકે છે. છેલ્લા દોઢ કે બે દાયકા આયોજનપૂર્વક અને મહેનતસભર જીવન વિતાવ્યા પછી ચાલીસી એ કે ચાલીસીની સહેજ ઉસ્પાર પહોચ્યા પછી પાછળ નજર નાખવાની ફુરસદ પણ મળતી હોય છે અને વીતેલા સમયની ડીવીડી જોતા જોતા ઘણા બધા સીનમાં કેટલુય છૂટી ગયેલું દેખાય છે તો ચાલીસી જ એક એવો પરદો છે જેના પર એ છુટેલા દ્રશ્યોને ફરીથી જોવાનો અને ઉજવવાનો પ્રયાસ થઈ શકે છે. વીસી કે પચ્ચીસીમાં સેટ કરેલા ગોલ્સમાંથી એણે એક કે એકથી વધુ ગોલ તો સર કરી જ લીધા હશે અને એક આમ આદમીના તો બીજા કેટલાક ગોલ હોઈ છે ? એક બે તો એના માટે બસ થઈ જાય પણ ચાલીસીએ પહોચતા પહોચતા એ સર કરેલા ગોલ્સ એના માટે મોટી જમાપૂંજી બની જાય છે પછે એ ગોલ્સ ચાહે એક સરસ ઘર હોય શકે, એક કાર હોય શકે, યથાચિત બચત હોય શકે કે પછી પુખ્ત ઉમરે પહોચવા આવેલા સંતાન પાછળ થતો ખર્ચ હોય શકે.

ચાલીસી ઈન્સાનને આધેડ બનાવે કે નાં બનાવે પણ મેચ્યોર જરૂરથી બનાવી દે છે. પહેલા એક જ એન્ગલથી જોવાની ટેવ રાખનાર એ ચાલીસીએ આવતા આવતા મલ્ટીપલ એન્ગલનો કેમેરામેન થઈ જાય છે, હવે એની પાસે કોઈ પ્રસંગ, ચીજ કે બનાવ વિષે વિચારવાની એક અલગ દ્રષ્ટિ છે કે જેમાં અગાઉની આક્રમકતા કે અણઘડપણાની જગ્યાએ વ્યવશ્થીતતા અને સમરસતા આવે છે અને આ ભૂલો કે સફળતાઓને પ્રતાપે ચાલીસી કે ઉસપાર જિંદગીને વધુ આનંદથી અને મિસ્ટેક-લેસ જીવવાની હથોટી આવતી જાય છે. એની પાસે વીતેલા દાયકામાં કરેલી સારી કે ખરાબ ભૂલો કે મળેલી નાની કે મોટી સફળતાઓના પ્રતાપે એ વધુ ઠાવકો અને ઠરેલ બની જાય છે. અનુભવો એને ફરીથી ભૂલો નથી કરવા દેતા તો થયેલી ભૂલો એને એ શીખવાડે છે કે જે વસ્તુ એને ખુશ રાખી શકે છે અથવા જેનાથી એની બાકીની જિંદગી ખુશ રહી શકે છે એની પાછળ જ દોટ મુકવી.

ચાલીસી એક એવા પડાવે આવે છે જયાંથી જુવાનીને બાય બાય ટાટા કરવાનું મન નથી થતું કે બુઢાપાને આવ ભાઈ આવ એમ કહીને બે હાથ પહોળા કરીને આવકારવાનું પણ શક્ય નથી બનતું પછી ચાહે એ પુરુષ હોય કે સ્ત્રી પણ એ હકીકત છે કે ચાલીસીનો આ પડાવ મોટાભાગે સ્થિરતા, ઠાવકાઈ અને જીવનને કોઈ ભાગદોડવાળી હાયહાયને બદલે સરળ રીતે અને વધુ આત્મવિશ્વાસથી જીવવા માટેનો એક મોકો પૂરો પાડે છે પણ શરત એ છે કે કોઈ ઉમર પૂછે તો ૪૪ ને બદલે ૩૫ નાં બોલાઈ જવું જોઈએ તો!!! ચાલીસીની આડ અસરો પણ છે પરંતુ ચાલીસીએ ઉઘડતી, ખીલતી અને ભરપુર જીવાતી જિંદગીની જ વાત થતી હોય કે જયાં ઉભા રહેવા માટેની અને ત્યાં સુધી પહોચવા માટેની લાયકાત જ સકારાત્મકતા છે તો પછી નકારાત્મક વાતો શા માટે કરવી?

**વિસામો -**

૨૦માં વર્ષે આપણે બીજા શું વિચારશે એની ચિંતા કરીએ છીએ, ૪૦ માં વર્ષે આપણે કોઈ શું વિચારશે એની ફિકર નથી કરતા અને ૬૦ માં વર્ષે આપણને ખબર પડે છે કે કોઈ આપણા વિષે કશું જ વિચારતું જ નહોતું

**- એન લેન્ડર્સ**